# || ॐ શ્રી  સાઈરામ ||
# || ૐ  શ્રી સાઈ સકલસંશયરાય નમ: || (૯૮).
# બધી શંકાઓનું નિવારણ કરવાવાળા થી સાઈને અમારા નમસ્કાર છે.

અજ્ઞશ્ચાશ્રદદધાનશ્ચ સંશ્યાત્મા વિનશ્યતિ
નાયં લોકોડસ્તિ ન પરો ન સુખં સંશયાત્માન: ||

ભગવદગીતા ૪ થો અધ્યાય, લોક- ૪૦ મો.

ભાવાર્થ જે જ્ઞાનહીન, શ્રદ્ધાહીન તેમજ સંશયાત્મા હોય છે, તે અધોગતિ તરફ જાય છે. (નાશ પામે છે) સંશયાત્માને ન ઈહલોક, ન પરલોક, કે સુખ ન મળે.

ભગવાન શ્રીકૃષ્ણએ આવી રીતે સંશયાત્માની શંકાશીલ વૃત્તિને લીધે શું થાય છે તે ગીતામાં કહ્યું છે.

આપણું સદ્ભાગ્ય છે કે, ભગવાન સાઈકૃષ્ણ આજે આપણામાંના આવા સંશયાત્માની શંકાશીલ વૃત્તિ દૂર કરવાનું કામ સતત કરતા હોય છે.

ઈ. સ. ૧૯૫૯ ની આ એક ઘટના. મદ્રાસથી સ્વામીના દર્શન માટે આવેલા એક યુવાનને સ્વામીએ પ્રશાંતિનિલયમના પહેલા માળે બોલાવી લીધો. તે વખતે ચાંદની રાત હતી. પહેલાના સમયમાં સ્વામી ચાંદની રાતે ક્યારેક ક્યારેક ભક્તોની સાથે ભોજનનો આનંદ લેતા. આ કાર્યક્રમ પ્રશાંતિનિલયમની અગાશી પર થતો અને એવા સમયે સ્વામીએ તે યુવકને બોલાવ્યો તેથી તેને ઘણો આનંદ થયો. પરંતુ, જ્યારે તે સ્વામી પાસે ગયો ત્યારે, સ્વામીએ તેને તેમના (સ્વામીના) શરીરને હાથ લગાવવાનું કહ્યું. તેણે આવું કરતા તેને સ્વામીનું શરીર ખૂબ જ ગરમ લાગ્યું. કોઈએ થર્મોમીટરથી તપાસી જોયું તો ૧૦૪ (અંશ) ડિગ્રી તાપમાન સ્વામીના શરીરમાં હોવાનું જણાયું. બધા ખૂબ જ ચિંતામાં પડી ગયા, પરંતુ સ્વામી હંમેશ મુજબ જ આનંદમાં હતા. સ્વામીએ તે યુવાનને કહ્યું -"મદ્રાસના તારા ઘરમાં તારી મા અગ્નિનું ભક્ષ્ય બનવાની હતી. તેને બચાવવા જતા મારા શરીરનું તાપમાન વધ્યું એટલું જ" પાંચ મિનિટ પછી સ્વામીએ ફરીથી તાપમાન જોવાનું કહેતા તે ૯૬ ડિગ્રી હતું. બધાને ઘણો આનંદ થયો.  અને ત્યાર પછી બધાએ આનંદથી ભોજન લીધું.

પરંતુ તે યુવાનને રાત્રે ઊંઘ આવી નહીં. સતત એક જ વિચાર મનમાં આવતો હતો. કે મારી મા હવે કેવી હશે? તે ખરેખર જ દાઝી હશે? તેને બચાવવા માટે સ્વામી કેવી રીતે મદ્રાસ ગયા? ખરેખર જ આવો કોઈ બનાવ બન્યો હશે? એવી ઘણી આશંકાઓથી તેનું મન અસ્વસ્થ થયું હતું.

બીજે દિવસે સવારે જ તે પોસ્ટ ઓફિક્સમાં ગયો અને ત્યાંથી તેણે મદ્રાસ ટ્રંકકોલ કર્યો કારણકે તે સમયે ફોનની સેવા સહેલાઈથી ઉપલબ્ધ નહોતી. જ્યારે તેની મા ફોન પર આવી ત્યારે તેણે ગઈ રાત્રે બનેલો બનાવ તેને કહ્યો. આ સાંભળતા જ તેની માતાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તેને ડૂસકું આવી ગયું અને તે બોલી – " કાલે રાત્રે હું પૂજાની રૂમમાં પૂજા કરતી હતી તે વખતે ચાલુ દીવાની જ્યોતથી મારી સાડીનો છેડો બળવા માંડ્યો. મેં ત્યારે ખૂબ જ મન :પૂર્વક સ્વામીને પ્રાર્થના કરી અને અચાનક આગ ઓલવાઈ ગઈ." પછી તેણે પુત્રને પૂછ્યું – " સ્વામી હવે કેમ છે? મને બચાવતી વખતે તેમના હાથને કાંઈ ઈજા તો નથી થઈને તે દાઝયા તો નથી ને?"

આ વાત સાંભળ્યા પછી પોતે સ્વામી માટે શંકા કરી એ યુવાનના ધ્યાનમાં આવ્યું અને તે પશ્ચાતાપ પૂર્વક આશ્રમમાં પાછો ફર્યો. મંદિર નજીક પહોંચતા જ દરવાજાની બહાર ઊભેલા સ્વામીએ તેને પૂછ્યું - " શું કહે છે તારી માતા? આ જો મારા હાથ! સહેજ પણ ઇજા થઇ નથી. ફક્ત શરીરનું તાપમાન થોડો વખત વધ્યું હતું એટલું જ! "

બધી આશંકાઓનું નિવારણ થયેલા યુવાને સ્વામી ના ચરણો પર માથું ટેકવ્યું. સ્વામીએ મંદ સ્મિત કરીને તેની પીઠ થાબડી.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||